E-ISSN No : 2581-6195 | Volume : 06 | Issue : 06 | Nov-Dec 2023

# ચાંપાનેર : વિશ્વ ઐતિહાસિક ધરોહર

રામી કિશોરકુમાર જેન્તીભાઈ[1], ડૉ. દક્ષા એમ. પટેલ[2]

[1]પીએચ.ડી, રિસર્ચ સ્કોલર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા
[2]એસોસીયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, શ્રી. ટી. એસ. આર્ટસ કોલેજ, કોઠંબા, તા. લુણાવાડા, જી. મહીસાગર

***HOW TO CITE THIS ARTICLE:***
રામી કિશોરકુમાર જેન્તીભાઈ, ડૉ. દક્ષા. એમ. પટેલ (2023). ચાંપાનેર : વિશ્વ ઐતિહાસિક ધરોહર, International Educational Journal of Science and Engineering (IEJSE), Vol:6, Issue:6, 41-43

Research Paper

## પરિચય

ગુજરાતનું એક સમયનું સમૃદ્ધ હિન્દુ રાજ્ય ગણાતું ચાંપાનેર લગભગ આઠમી સદીમાં વસેલું નગર છે.[1] ચાંપાનેર ભારત દેશના ગુજરાત રાજ્યના મધ્ય પૂર્વ ભાગમાં આવેલા પંચમહાલ જિલ્લામાં કુલ 7 તાલુકાઓ પૈકીના એક હાલોલ તાલુકામાં આવેલું એક ગામ છે.[2]

ચાંપાનેર 22-29 ઉત્તર અક્ષાંશ 73-32 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. પશ્ચિમ રેલવે વિભાગની ચાંપાનેર રોડ પાની માઈન્સની નેરોગેજ શાખા ઉપર આવેલા હાલોલ રેલવે સ્ટેશનથી પૂર્વમાં 6 કિ.મી. દૂધ પાવાગઢ ટેકરીની તળેટીમાં આ ગામ વસેલું છે.ગોધરા-બારડોલી રોડ થી વડોદરા થી 51 કિ.મી. અને ગોધરાથી 43 કિ.મી. દૂર આ ગામ આવેલું છે.[3]

ઐતિહાસિક પુરાવાઓને આધારે ચાંપાનેર પાવાગઢનું સ્થળ બહુ પ્રાચીન હોવાનું જણાય છે. અહીંથી પાગૈતિહાસિક યુગનાં ઓજારો પ્રાપ્ત થયાં છે.ચાંપાનેર ના આદિમાનવનો જીવનકાળ સંભવત: લાખેક વર્ષ કરતાં વધુ જૂનો છે. સોલંકી રાજાઓના શાસન પહેલા આ સ્થાનના ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. જૈન સાહિત્યમાં પાવાગઢ-ચાંપાનેર ના ઉલ્લેખો મળી આવે છે તેથી સોલંકી કાળ પહેલા ત્યાં જૈન મંદિરો હોવાની સંભાવના છે.દંત કથા પ્રમાણે વનરાજ ચાવડાના સાથી ચાંપાએ ચાંપાનેર વસાવ્યું હતું. અનુશ્રુતિ પછીનાં પાંચસો વર્ષ સુધી ચાંપાનેરનું નામ ઈતિહાસમાં મળતું નથી. ઈ.સ. 1300ની આસપાસ અહીં ખીચી ચૌહાણ વંશની સ્થાપના રણથંભોર ના ચૌહાણ હમ્મીરહેવાના પુત્ર રામદેવ દ્વારા થઈ હતી. અહીંના ચૌહાણ રાજાઓ પતાઈ' તરીકે ઓળખાતા હતા. ઈ.સ. 1300 થી 1485 સુધી અહીં ખીચી ચૌહાણોની સત્તા રહી.[4] મહમૂદ બેગડાએ ઈ.સ. 1483 માં અછતના સમયમાં મહમૂદ બેગડાના લશ્કરે (1452-1511) ચાંપાનેર ના રાજ્ય પર ચડાઈ કરી અને ચાંપાનેર ના રાજા રાવલ જયસિંહને કરાવ્યો. એના વેરમાં મહમૂદ બેગડાએ ચાંપાનેર ઉપર ઈ.સ. 1484 માં ચડાઈ કરી અને પડાવી લીધું. મહમૂદ બેગડાએ ઈ.સ.1485માં ચાંપાનેર જીતી લીધું અને નવું ચાંપાનેર રોસાવ્યું અને તેનું નવું નામ 'મુહમ્મદાબાદ' પાડ્યું.

ઈ.સ. 1483 માં મુસ્લિમ શહેરની પ્રથમ ઈમારત બાંધવાની શરૂ થઈ બેગડાએ જણાવ્યું કે તેણે જે ગઢ જીત્યો છે. તે છોડશે નહીં તેણે ત્યાં સુંદર મસ્જિદનો પાયો નાખ્યો. આ ગઢનું પતન ઈ.સ. 1484 માં થયું અને રાજપૂતો છોટાઉદેપુર અને દેવગઢ બારિઆ કે જ્યાં તેમના વંશજો રાજ્ય કરતા હતા ત્યાં જતા રહ્યા.મહંમદ બેગડાને આ રમણીય પર્વત અને તેનું વાતાવરણ ગમી ગયું અને ચાંપાનેર ને રાજધાની બનાવી તે પોતાનું મંત્રાલય અને અદાલતને અમદાવાદથી ખસેડી ચાંપાનેર લાવ્યો જેને મૂહમુદાબાદ નામ આપ્યું, જે આજે ચાંપાનેર નામે ઓળખાય છે. ત્યાં અનેક ભવ્ય ઈમારતો બાંધવામાં આવી બાગ બનાવ્યા.ખાસ કરીને પાણીના ધોધ અને ફુવારા મૂક્યા તેણે સાંગના વૃક્ષો ત્યાં ઉગાડ્યા. જેથી તેના લાકડાનો ઉપયોગ મકાન-બાંધકામમાં કરી શકાય. ચાંપાનેરની પાણીદાર તલવાર પ્રખ્યાત હતી.તથા ચાંપાનેરનું રેશમ તેમના ચળકતા વિવિધ રંગને કારણે પ્રખ્યાત હતું.[5]

મહંમદ બેગડા પછી તેનો વંશજ બહાદુરશાહ સુલતાન બન્યો પણ તેને વિચિત્ર સ્વભાવનો હોવાથી સામંતોમાં અને સરદારોમાં અપ્રિય થઈ પડ્યો. એના રાજ્યકાળ સમયે ઈ.સ. 1535 માં દિલ્હીના મોગલ બાદશાહ હુમાયુએ ચાંપાનરી ઉપર ચઢાઈ કરી ચાંપાનેરની હિન્દુ સંસ્કૃતિનો નાશ કર્યો.અને અઢળક સોનું, જર ઝવેરાત હુમાયુ દિલ્હી લઈ ગયો.ચાંપાનેર થી રાજધાની ખસેડી અમદાવાદમાં ફરી સ્થાપી. ઈ.સ. 1573 માં મોગલ સમ્રાટ અકબરે ગુજરાત જીત્યું.આમ

Copyright© 2023, IEJSE. This open-access article is published under the terms of the Creative Commons Attribution-NonCommercial 4.0 International License which permits Share (copy and redistribute the material in any medium or format) and Adapt (remix, transform, and build upon the material) under the Attribution-NonCommercial terms.

ગુજરાતના સ્વતંત્ર સુલતાન રાજ્યનો અંત આવ્યો.

ત્યારબાદ ઈ.સ.ની 18મી સદીમાં ચાંપાનેર નો આ કિલ્લો મરાઠાઓના કબજામાં આવ્યો.મરાઠા યુગે પણ એની રહી સહી સમૃદ્ધિને લૂંટી, બાળી, બરબાદ કરી. તે પછી ઈ.સ. 1804 માં ચાંપાનેરનો કિલ્લો બ્રિટિશ હકુમત હેઠળ આવ્યો. પ્રાચીન ચાંપાનેરે અનેક સુખ-દુઃખની ચડતી પડતી .[6]

ચાંપાનેર ના ભવ્ય અવશેષો તેના અગત્યના સ્થળોનો ખ્યાલ આપે છે. ઉત્તર - પૂર્વ પર્વતની હારમાળા, ફક્ત એક બાજુએથી પર્વત પર જવાનો રસ્તો છે.પાવાગઢની કિલ્લેબંધી સપાટ છે અને તેની પૂર્વ - પશ્ચિમ ની લંબાઈ સુધી કોટ કરી દીધો છે. આની બહાર જૂના કિલ્લાઓના ખંડેરો કે અવશેષો છે. સંપૂર્ણ સમચતુષ્કોણ કિલ્લાની દીવાલો પણ સારી જાતના પથ્થરની છે.તે મહંમદ બેગડાના ગઢ તરીકે ઓળખાય છે. તેની દીવાલો મજબૂત છે. તેના ઝરૂખા સુંદર કોતરણીવાળા છે. જે મુસ્લિમ પબના છે.એ શહેરનું મૂળ કેન્દ્ર હતું સુંદર મહેલો,બાગ બગીચા ઓના બાદશાહી ઠાઠથી શોભતું ચાંપાનેર હાલોલ થી પશ્ચિમે 4 માઈલ દૂર હતું.વડા તળાવના કિનારે સુલતાનના મહેલના ખંડેરો અથવા અવશેષો જોવા મળે છે. આ અવશેષો ઉટકૃષ્ટ કારીગરી વાળા છે.તે સમગ્ર વિસ્તારમાં છુટા છવાયા પથરાયેલા છે.અને પાંચ મસ્જિદો આજે પણ સુંદર રીતે સચવાયેલી છે. આમાંની જુમ્મા મસ્જિદ જે કિલ્લાથી પૂર્વમાં 50 વાર દૂર આવેલી છે. તેના માટે એવું કહેવાય છે કે તેની શોભા સર્વાંગ સુંદર હતી.તેના જેવી પશ્ચિમ ભારતની કોઈ મુસ્લિમ ઈમારતો ન હતી. શહેરના અવશેષો ઉપરાંત, માઈલો સુધી જંગલ છે. જેની ફરતે મજબૂત પથ્થરની દીવાલો, મિનારા, કબરો, તોરણો જે શહેરનું પરુ બની ગયા છે. આ શહેરને અડીને સુશોભિત મહેલો, બગીચા આવેલા છે તે મહંમદ બેગડાના સમયના છે. ચાંપાનેરમાં વિવિધ ઉદ્યોગો વિક્યા હતા તેમ જ અહીં ચીન અને યુરોપ સાથેના સંબંધ સૂચક અવશેષો પણ અસ્તિત્વમાં આવ્યા છે.[7]

એક માન્યતા મુજબ સુર સમ્રાટ તાનસેનને સંગીતમાં હરાવીને પોતાના પિતાના મૃત્યુનો બદલો લેનાર બૈજુ નું જન્મ સ્થળ પણ આ ચાંપાનેર ગામ જ હતું.ચાંપાનેર પંચમહાલ જિલ્લાનું મુખ હોવા ઉપરાંત તેની આસપાસ આવેલી વન્ય સૃષ્ટિ અને વનરાજી માટે પણ જાણીતું છે.અહીં પર્વતા રોહકો પર્વતારોહણ દ્વારા પાવાગઢ તેમજ આસપાસના નાની ટેકરીઓ સર કરવા ના કાર્યક્રમનું પણ આયોજન કરતા હોય છે.અહીં આસપાસ જોવાલાયક પાવાગઢ,જાંબુઘોડા અભ્યારણ, દુધીયુ તળાવ જેવા અનેક નાના મોટા સ્થળો આવેલા છે.[8]

દર વર્ષે ચાંપાનેર ખાતે પાંચ મેળા ભરાય છે. મહાકાળી માતાના બે મેળા માગસર સુદ 2 અને માગસર સુદ 13 ના દિવસે ભરાય છે. પારસનાથનો મેળો આંબલી અગિયારસના દિવસે એટલે ફાગણ સુદ 11ના દિવસે અને ચૈત્ર સુદ 8ના દિવસે ભરાય છે, તથા નવરાત્રીનો મેળો આસો સુદ 8 ના દિવસે ભરાય છે. આ તમામ મોટા મેળા છે. જેમાં આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં આવે છે.[9]

**અધિકૃતતા : (UNESCO હસ્તક)**

ચાંપાનેર ગુજરાતના સુલતાન મહંમદ બેગડાની રાજધાની હતી, જે હાલમાં સંરક્ષિત સ્થળ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. અને તેના ઐતિહાસિક મહત્વને આધારે તેની જાળવણીનું કામ યુનેસ્કો (UNESCO) દ્વારા થઈ રહ્યું છે અને આજે ચાંપાનેર (ગુજરાતનું પ્રથમ હેરિટેજ ઈ.સ. 2004) વર્લ્ડ હેરિટેજ તરીકે ખ્યાતિ ધરાવે છે.[10]

યુનેસ્કો દ્વારા ચાંપાનેર ના સુરક્ષિત સ્મારકો અને સ્થળોનું માળખાકીય અને રાસાયણિક સંરક્ષણ હાથ ધરવામાં આવ્યું છે, જ્યારે અન્ય સ્મારકો અને પુરાતત્વીય અવશેષો મોટાભાગે છોડી દેવામાં આવ્યા છે. કારણ કે તે અન્ય લોકો માટે આપેલ વારસાના જોડાણના મૂળ લક્ષણો અને મૂલ્યને સમજાવવાની શક્યતા ખુલ્લી રાખવા માટે અને ખાસ કરીને ભવિષ્યની પેઢીઓ માટે વર્તમાન વૈજ્ઞાનિક રેખાઓ સાથે અન્ય અર્થઘટન વિકસાવા અમુક કિસ્સાઓમાં સ્મારક જર્જરી થયા હતા. તેને પુનઃ સંગ્રહ દ્વારા સમારકામ કરવામાં આવ્યા છે. જેમાં ડિઝાઈન, કારીગરી અથવા સેટિંગમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. મિલકતના ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્યને ટકાવી રાખતા લક્ષણો - જે એકમાત્ર બાકી રહેલું સંપૂર્ણ અને અપરિવર્તિત અને વિશ્વસનીય રીતે વ્યક્ત કરવામાં આવે છે અને મિલકતના મૂલ્યને સંપૂર્ણ રીતે વ્યક્ત કરે છે.

**સંરક્ષણ અને વ્યવસ્થાપન જરૂરિયાતો :**

ચાંપાનેર પાવાગઢ પુરાતત્વ ઉધાન જેના બહુવિધ માલિકોમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ગુજરાત રાજ્ય વન વિભાગ, રાજ્ય પુરાતત્વ વિભાગ અને રાજ્ય મહેસુલ વિભાગ, જય કાલિકા મંદિર ટ્રસ્ટ, જૈન મંદિર ટ્રસ્ટ, ફકીર સંપ્રદાય ટ્રસ્ટ અને ખાનગી ક્ષેત્રનો સમાવેશ થાય છે. પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ (1958) અને નિયમો (1959), સુધારા (1992), અને સુધારા અને માન્યતા અધિનિયમ (2010) ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ (1965) હેઠળ સુરક્ષિત છે. ચાંપાને - પાવાગઢ વર્લ્ડ હેરિટેજ એરીયા મેનેજમેન્ટ ઓથોરિટી એક્ટ (2006) તેમજ વિવિધ ફોરેસ્ટ એક્ટ્સ અને ગુજરાત પંચાયત એક્ટ (1961) ઓગણત્રીસ સ્મારકો અને સાઈટ્સ વ્યક્તિગત રીતે સુરક્ષિત છે.

ચાંપાનેર સરક્ષણ જાળવણી અને વ્યવસ્થાપનની જાળવણી કરવા માટે ફેડરલ તેમજ રાજય સ્તરે પુરાતત્વવિદો અને સંરક્ષકીનું વંશવેલો માળખું ઉપલબ્ધ છે સંપત્તિનું સંચાલન કરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ચાંપાનેર - પાવાગઢ વર્લ્ડ હેરિટેજ

એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી સાથે કામ કરે છે. બાદમાં ગુજરાત સરકારના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં ઘડવામાં આવ્યું છે અને જેમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના મહાન નિર્દેશક સહિત તમામ હિતકારકો સભ્યો છે. સંરક્ષણના નિયમો અને હસ્તક્ષેપને અન્ડરપિન કરવા માટે વર્લ્ડ હેરિટેજ કમિટી દ્વારા ભલામણ મુજબ એક સંકલિત વ્યવસ્થાપન યોજના વિકસાવવામાં આવી છે. અને અપનાવવામાં આવી છે. સમય જતા મિલકતના ઉત્કૃષ્ટ વૈશ્વિક મૂલ્યને ટકાવી રાખવા માટે મિલકતના સંરક્ષણની સ્થિતિનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખવું અને કાનૂની અને સંસ્થાકીય સાધનો અને વ્યવસ્થાપન યોજનાના અમલીકરણ નું મૂલ્યાંકન કરવાની જરૂર પડશે.

## સંદર્ભ સૂચિ


1. સોલંકી, પુરુષોત્તમ 'પાવાગઢના પ્રવાસે' (પ્રવાસ કથા), રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, જૂન, 2003, પૃ.31
2. https://gu.m.wikipedia.org
3. 'ગુજરાત રાજય સર્વસંગ્રહ (ગેઝેટયિર) : પંચમહાલ જલ્લિો' ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,2017, પૃ.615
4. http://gujarativishwakosh.org
5. 'ગુજરાત રાજય સર્વસંગ્રહ (ગેઝેટયિર) : પંચમહાલ જલ્લિો', ઉપર્યુંક્ત, પૃ.615
6. સોલંકી, પુરુષોત્તમ, ઉપર્યુક્ત, પૃ.34-35
7. 'ગુજરાત રાજય સર્વસંગ્રહ પંચમહાલ જલ્લિો', ઉપર્યુંક્ત, પૃ.615
8. https://gu.m.wikipedia.org
9. 'ગુજરાત રાજય સર્વસંગ્રહ પંચમહાલ જલ્લિો', ઉપર્યુંક્ત, પૃ.615
10. https://gu.m.wikipedia.org
11. https://whc.unesco.org